# નાયબ મામલતદાર / નાયબ સેકશન ઓફિસર : 16-12-2018

**(1)** G-4 રાષ્ટ્રોનો મુખ્ય ઉદ્દેશ શું છે?
(અ) ત્રાસવાદ સામે લડત આપવાનો
(બ) પરસ્પર આર્થિક સહકાર આપવાનો
(ક) **સંયુકત રાષ્ટ્ સંઘમાં સુરક્ષા પરિષદમાં કાયમી થવા પરસ્પર સહકાર આપવાનો**
(ડ) ઉપરના તમામ

**(2)** અટલ પેન્શન યોજના ભારત સરકારના કયા મંત્રાલય હેઠળ આવે છે?
(અ) સામાજિક ન્યાય અને સશકિતકરણ (બ) સ્વાથ્ય અને પરિવાર કલ્યાણ
(ક) ગ્રામીણ વિકાસ (ડ) **નાણાં**

**(3)** કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના હેઠળ નીચે પૈકીના કયા વર્ગની બાલિકાઓને શિક્ષણ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે?
1. અનુસૂચિત જાતિઓ 2. અનુસૂચિત જનજાતિઓ 3. અન્ય પછાત વર્ગો
(અ) ફકત 1 (બ) ફકત 2 (ક) ફકત 3 (ડ) **1, 2 અને 3**

**(4)** ગુજરાત સરકારના કયા મંત્રાલય/ખાતા/કચેરી દ્વારા GST સહેલી વેબ-પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે?
(અ) નાણાં (બ) **ગ્રામીણ વિકાસ કમિશનર** (ક) ઈન્ડેક્ષ-બી (ડ) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ

**(5)** ખાનગી ક્ષેત્રમાં .......... ઉદ્યોગ ભારતનો સૌથી મોટો નોકરીદાતા ઉદ્યોગ છે.
(અ) **આઈ.ટી** (બ) કેમીકલ (ક) સ્ટીલ (ડ) દીવાસળી

**(6)** ગ્રાહક ભાવ સૂચકઆંક CPI-IW બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
1. તે ખાનગી ક્ષેત્રમાં કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ નક્કી કરવા માટે વપરાય છે.
2. તે સરકારી કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ નક્કી કરવા માટે વપરાય છે.
(અ) ફકત 1 (બ) **ફકત 2**
(ક) 1 અને 2 બને (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(7)** દેશમાં નાના બંદરોની માલસામાનની હેરફેર પૈકી .......... ટકા ગુજરાતમાંથી થાય છે.
(અ) 51 (બ) 6 (ક) **71** (ડ) 81

**(8)** જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રેશનકાર્ડ ધારકોને વ્યાજબી ભાવની દુકાનો મારફતે નીચેના પૈકી સામગ્રીનું વિતરણ કરવામાં આવતું નથી?
(અ) ચોખા (બ) આયોડિન યુકત મીઠું (ક) **બાજરી** (ડ) ખાદ્યતેલ

**(9)** ગુજરાતની સમુદ્રરેખા પર આવેલ કેપ્ટીવ જેટી અને તેને આધારિત ઉદ્યોગોનાં જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. હજીરા | a. એસ્સાર બલ્ક ટર્મિનલ લિ. |
| 2. સિકકા | b. દિગ્વિજય સિમેન્ટ કંપની |
| 3. પીપાવાવ | c. અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની લિ. |
| 4. જખૌ | d. સાંધી ઈન્ડસ્ટ્રીઝ લિ. |

(અ) **1-a, 2-b, 3-c, 4-d** (બ) 1-a, 2-b, 3-d, 4-c (ક) 1-c, 2-d, 3-a, 4-b (ડ) 1-d, 2-c, 3-a, 4-b

**(10)** જે જમીનમાંથી સંપૂર્ણ ખાણકામ થઈ ગયું છે તેના પુનઃ વપરાશ માટે GMDC એ નવીન એવો 5 MW નો સૌર ઊર્જા પ્રોજેક્ટ .......... ની ખાણોમાં ઊભો કર્યો છે.
(અ) છોટાઉદેપુરની આંબાડુંગર (બ) **પાનન્ધ્રો** (ક) અંબાજી (ડ) ધુવારણ

**(11)** નીચેના પૈકી કયું/કયાં વિધાન વિધાનો સાચું/સાચાં છે?
1. 'સામાજીક વનીકરણ કાર્યક્રમ' વન વિસ્તાર સિવાયની જમીનો પર વનીકરણ કરવા માટેનો છે.
2. ગુજરાત વન સંવર્ધન વિકાસ પરિયોજના (GFDP) 'જાપાન બેનક ફોર ઈન્ટરનેશનલ કો–ઓપરેશન'ની સહાયથી અમલમાં મૂકવામાં આવી હતી.
(અ) ફકત 1 (બ) ફકત 2
(ક) **1 અને 2 બંને** (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(12)** ગોલ, પલ્લા, ચાકસી અને ખાગા શું છે?
(અ) કેરીના પ્રકારો (બ) ચીકુના પ્રકારો (ક) **માછલીની જાતો** (ડ) ઊંટની જાતો

**(13)** સૂચિત કલ્પસર યોજનામાં ખંભાતના પશ્ચિમ કાંઠા અને પૂર્વ કાંઠાને જોડતો બહુહેતુક બંધ બનાવવાનું આયોજન છે. આ યોજનામાં 30


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

કિ.મી. લંબાઈનો બંધ બનાવી નીચેના પૈકી કઈ નદીઓના પાણીનો સંગ્રહ કરવાનું આયોજન છે?

1. નર્મદા 2. ઢાઢર 3. મહી 4. સાબરમતી

(અ) ફક્ત 1 અને 2 (બ) ફક્ત 1 અને 3 (ક) ફક્ત 2 અને 3 (ડ) **1, 2, 3 અને 4**

**(14)** જાહેર જનતા પાસેથી સરકાર દ્વારા લીધેલી લોનને .......... કહે છે.

(અ) કોર્પોરેટ ઋણ (બ) સામાન્ય ઋણ (ક) **બજાર ઋણ** (ડ) ખાનગી ઋણ

**(15)** ભારતમાં વિદેશી મુદ્રાના ભંડોળનું સંચાલન કોણ કરે છે?

(અ) વિદેશી બાબતોનું મંત્રાલય (બ) **રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા** (ક) નાણા મંત્રાલય (ડ) નીતિ આયોગ

**(16)** નીચેના પૈકી કોણ અનુક્રમે પ્રથમ અને છેલ્લા ગુપ્ત રાજવી હતાં?

(અ) ચંદ્રગુપ્ત-1 અને વૈન્ય ગુપ્ત (બ) સમુદ્રગુપ્ત અને વિષ્ણુ ગુપ્ત

(ક) ઘટોટકચ્છ અને કુમાર ગુપ્ત બીજો (ડ) **શ્રીગુપ્ત અને વિષ્ણુગુપ્ત**

**(17)** રોમન સામ્રાજયની પડતી પછી ભારતીય વેપારીઓ મુખ્યત્વે કોની સાથે વેપાર કરતા હતા?

(અ) મધ્ય એશિયા (બ) ચીન (ક) પશ્ચિમ એશિયા (ડ) **દક્ષિણ પૂર્વ એશિયા**

**(18)** રાજગાદી ઉપર આવ્યા બાદ હર્ષે કયું બિરૂદ ધારણ કર્યું હતું?

(અ) મહારાજા (બ) **શિલાદિત્ય** (ક) ગુણરાજા (ડ) અવનિસિંહ

**(19)** પલ્લવ વંશના સ્થાપકનું પ્રતિનિધિત્વ કરતું કયું પ્રાણી પલ્લવોના મોટા ભાગના સ્તંભોમાં જોવા મળે છે?

(અ) વાઘ (બ) **સિંહ** (ક) હાથી (ડ) બળદ

**(20)** અતિશ દિપાંકર અને શાંતરક્ષિત પ્રારંભિક મધ્યયુગીન સમયગાળાના.......... હતા.

(અ) અગ્રણી સંસ્કૃતિ કવિઓ (બ) મહાન ગણિતશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓ

(ક) **પ્રખ્યાત બૌદ્ધ સાધુઓ** (ડ) હિંદુ ધાર્મિક સુધારકો

**(21)** સ્વાતંત્ર્ય સંગ્રામમાં ચાફેકર ભાઈઓ તરીકે જાણીતા થયેલા કુલ કેટલો ભાઈઓને ફાંસી આપવામાં આવી હતી?

(અ) **ત્રણ** (બ) બે (ક) ચાર (ડ) પાંચ

**(22)** નીચેના પૈકીનું કયું વિધાન એ સિદ્ધાંતને ટેકો નથી આપતું કે હડપ્પા સંસ્કૃતિમાં કેન્દ્રીત સત્તા હતી?

(અ) નગર આયોજનમાં એકરૂપતા (બ) સ્થળની વ્યુહાત્મક જગ્યાઓ

(ક) **હડપ્પાનાં ઘણાં સ્થળોએ રાજગઢ મળી આવ્યાં છે** (ડ) ઈંટના કદનો પ્રમાણભૂત ગુણોત્તર

**(23)** ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિ વખતે ગાંધીજી?

(અ) કોંગ્રેસની કાર્યકારી સમિતિના સભ્ય હતા (બ) **કોંગ્રેસના સભ્ય ન હતા**

(ક) કોંગ્રેસના પ્રમુખ હતા (ડ) કોંગ્રેસના મહાસચિવ હતા

**(24)** વિખ્યાત ધાર્મિક પ્રસંગ, મહામસ્તક અભિષેક કોની સાથે સંકળાયેલો છે?

(અ) **બાહુબલી** (બ) બુદ્ધ (ક) મહાવીર (ડ) નટરાજ

**(25)** શાસ્ત્રીય ભાષા તરીકે જાહેર થયેલી પ્રથમ ભાષા .......... છે

(અ) સંસ્કૃત (બ) તેલુગુ (ક) કન્નડ (ડ) **તમિલ**

**(26)** કાંચીપુરમનું કૈલાશનાથ મંદિર .......... શૈલીના મંદિરોનું આરંભિક ઉદાહરણ છે.

(અ) નગર (બ) બેસર (ક) ઘુમ્મટ (ડ) **દ્રવિડ**

**(27)** ગુજરાતમાં વાઘેલા વંશની રાજધાની કઈ હતી?

(અ) પાટણ (બ) વલ્લભીપુર (ક) **ધોળકા** (ડ) પ્રભાસપાટણ

**(28)** અડાલજની વાવ અને રાણકી વાવ બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. અડાલજની વાવ હિંદુ-ઈસ્લામિક સ્થાપત્ય શૈલીમાં બનાવેલી છે જયારે રાણકી વાવ મારૂ–ગુર્જર સ્થાપત્ય શૈલીમાં બનાવાયેલી છે.

2. બંને વાવમાં સાત સ્તરો (માળ) જોવા મળે છે.

3. અડાલજની વાવનું બાંધકામ ચાલુકય સમયગાળા દરમ્યાન થયેલું છે જયારે રાણકી વાવનું બાંધકામ વાઘેલા સમયગાળા દરમ્યાન થયેલું છે.

(અ) **ફક્ત 1** (બ) ફક્ત 2 (ક) ફક્ત 1 અને 3 (ડ) ફક્ત 2 અને 3

**(29)** કોણ શરૂઆતમાં બ્રહ્મોસમાજના સભ્ય હતા પરંતુ તેમની વિચારશૈલી અલગ હોવાથી પાછળ તેઓએ અલગથી ભારતવર્ષીય બ્રહ્મોસમાજની સ્થાપના કરી?

(અ) દેવેન્દ્રનાથ ટાગોર (બ) **કેશવચંદ્ર સેન** (ક) હેમેન્દ્રનાથ ટાગોર (ડ) દ્વિજેન્દ્રનાથ ટાગોર

**(30)** ગુજરાત પ્રખ્યાત ભક્તકવિ દયારામનાં ચશ્માં, હસ્તપ્રત અને તંબુર ક્યાં આદરપૂર્વક જાળવી રાખવામાં આવ્યાં છે?

(અ) ચાંપાનેર (બ) જૂનાગઢ (ક) વડનગર (ડ) **ડભોઈ**

**(31)** વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર નિર્માણ થયેલું એક ભવ્ય મંદિર, રણમલ ચોકી, જે હાલ ખંડેર હાલતમાં છે તે .......... પાસે આવેલું છે.



તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

(અ) પાવાગઢ (બ) પોરબંદર (ક) <u>ઈડર</u> (ડ) ભૂજ

**(32)** ભારતમાં વિવિધ પ્રદેશના લોકસંગીત બાબતે જોડકાં જોડો.

1. બંગાળ a. મહિયા અને હીર
2. પંજાબ b. બાઉલ અને ભાટિયાલી
3. મહારાષ્ટ્ર c. પોવાડા અને અભંગ
4. પૂર્વ ભારત d. કંજરી અને શેરી

(અ) 1-2, 2-b, 3-c, 4-d (બ) 1-d, 2-c, 3-b, 4-a (ક) **<u>1-b, 2-a, 3-c, 4-d</u>** (ડ) 1-c, 2-a, 3-b, 4-d

**(33)** સૌરાષ્ટ્ર અને કચ્છના ચારણોમાં દૈવી વાદ્ય તરીકે જાણીતું જંતર .......... વાદ્ય છે.

(અ) ચર્મ (બ) **<u>તંતુ</u>** (ક) સુષિર (ડ) ઘન

**(34)** .......... તાલુકામાં જોવા મળતા પઢાર નૃત્યમાં વપરાતી લાકડીઓનો અડધો ભાગ ધાતુનો અને અડધો ભાગ લાકડાનો હોવાથી તે પ્રમાણે ઠોકીને જુદા જુદા અવાજો કાઢી લોકો નૃત્ય કરે છે.

(અ) **<u>ધોળકા</u>** (બ) ધરમપુર (ક) હાલોલ (ડ) વિજયનગર

**(35)** નીચેના પૈકી કયું જૈન સાહિત્યનો હિસ્સો નથી?

(અ) **<u>થેરીગાથા</u>** (બ) આચારાંગ સૂત્ર (ક) સૂત્રકૃતાંગ (ડ) બૃહદકલ્પસૂત્ર

**(36)** ભારતના સ્વતંત્રતા સંગ્રામના સમયગાળા દરમ્યાન નીચેના પૈકી કોણે કેન્દ્રીય હિંદુ વિદ્યાલય શરૂ કર્યું?

(અ) **<u>એની બેસન્ટ</u>** (બ) ભીખાજી કામા (ક) એમ. જી. રાનડે (ડ) મદન મોહન માલવીયા

**(37)** આઝાદ હિંદ ફોજના જનરલ શાહનવાઝ, જનરલ ગુરદયાલસિંહ ધિલ્લોન અને જનરલ પ્રેમ સહગલ વિરૂદ્ધ અંગ્રેજ સરકારે ગદારીનો કેસ ચલાવ્યો તે બાબતે નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?

1. તેમને છોડી મૂકવામાં આવ્યા. 2. તેમને કાળાપાણીની સજા કરવામાં આવી. 3. તેઓ અગાઉ બ્રિટિશ ભારતીય સેનાના અધિકારીઓ હતા.

(અ) ફક્ત 1 (બ) ફક્ત 2 (ક) **<u>ફક્ત 1 અને 3</u>** (ડ) ફક્ત 2 અને 3

**(38)** એમ. સી. સેતલવાડ, બી. એન. શિવ અને અલાદી ક્રિષ્ના સ્વામી ઐયર .......... ના વિશિષ્ટ સભ્યો હતા.

(અ) સ્વરાજ પક્ષ (બ) ઓલ ઈન્ડિયા નેશનલ લિબરલ ફેડરેશન
(ક) મદ્રાસ લેબર યુનિયન (ડ) **<u>સર્વેન્ટસ ઓફ ઈન્ડિયા સોસાયટી</u>**

**(39)** ડો. બી. આર. આંબેડકર દ્વારા કયો પક્ષ સ્થાપવામાં આવ્યો હતો?

(અ) **<u>ઓલ ઈન્ડિયા શેડયુલ કાસ્ટ ફેડરેશન</u>** (બ) ધ પેઝન્ટ્સ એન્ડ વર્કર્સ પાર્ટી ઓફ ઈન્ડિયા
(ક) બંને (ડ) આ પૈકી કોઈ નહિ

**(40)** કયા અધિનિયમ અન્વયે પંજાબમાં શીખોને ખાસ મતદારમંડળ આપવામાં આવ્યું?

(અ) ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1858 (બ) **<u>ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1919</u>**
(ક) ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1935 (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(41)** મંદિર નિર્માણની બેસર શૈલી કયા રાજવંશ દ્વારા સૌપ્રથમ વિકસાવવામાં આવી?

(અ) રાષ્ટ્રકુટ (બ) ચોલ (ક) પલ્લવ (ડ) **<u>ચાલુકય</u>**

**(42)** નીચેના પૈકી કયા સ્થળે ડચ કંપનીએ પ્રથમ ફેકટરીની સ્થાપના કરી?

(અ) સુરત (બ) **<u>પુલીકટ</u>** (ક) કોચીન (ડ) કાસિમબઝાર

**(43)** લોનાવાલા, મહારાષ્ટ્રની વિખ્યાત પથ્થરમાં કપાયેલી કારલા ગુફાઓ .......... માટે બનાવાઈ હતી.

(અ) **<u>પ્રાર્થના ખંડ</u>** (બ) ઉતારાવાસ
(ક) યુદ્ધકળા શીખવાનાં સ્થળ (ડ) સર્જનાત્મક વિચારસરણીને ઉત્તેજન આપવાનાં સ્થળ

**(44)** વસતી ગણતરી-2001 ની સરખામણીએ વસતી ગણતરી -2011 ના નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. 15-24 વર્ષની વયજૂથમાં ઘટાડો 2. 60 વર્ષ ઉપરની વયજૂથમાં વધારો

(અ) ફક્ત 1 (બ) ફક્ત 2
(ક) **<u>1 અને 2 બંને</u>** (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(45)** ગુજરાતમાં વર્ષ 2001-2011 દરમ્યાન કયા જિલ્લાનો દાયકાનો સૌથી વધુ વસ્તી વૃદ્ધિ દર છે?

(અ) **<u>સુરત</u>** (બ) અમદાવાદ (ક) રાજકોટ (ડ) વડોદરા

**(46)** ભારતમાં કપાસની ગાંસડીનું વજન કેટલું હોય છે?

(અ) 270 કિલો (બ) **<u>170 કિલો</u>** (ક) 226 કિલો (ડ) 126 કિલો

**(47)** નીતિ આયોગ દ્વારા તૈયાર કરવામાં આવેલી ઊર્જા નીતિમાં કયા જાહેર ક્ષેત્રના સાહસને 7 વિભાગોમાં વહેંચવાની વાત રજૂ કરવામાં આવી છે?

(અ) ONGC (બ) BHEL (ક) MTNL (ડ) **CIL**

**(48)** કઈ પંચવર્ષીય યોજનાના સમયગાળા દરમ્યાન રાષ્ટ્રીય આવકનો વાસ્તવિક વૃદ્ધિ દર તેના લક્ષ્યાંક કરતાં વધુ હતો?

(અ) **પ્રથમ** (બ) દ્વિતિય (ક) નવમી (ડ) અગીયારમી

**(49)** ભારત ખાંડના ઉત્પાદનમાં વિશ્વમાં ......... ક્રમે છે.

(અ) પાંચમા (બ) ચોથા (ક) બીજા (ડ) **પ્રથમ**

**(50)** વાહનોના થર્ડ-પાર્ટી વીમા બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. ટુ-વ્હીલર વાહનો માટે થર્ડ-પાર્ટી વીમો ત્રણ વર્ષના સમય માટે રહેશે.
2. ફોર-વહીલર વાહનો માટે થર્ડ-પાર્ટી વીમો પાંચ વર્ષના સમય માટે રહેશે.
3. આ નિર્ણય સર્વોચ્ચ અદાલત દ્વારા નિમાયેલ સમિતિની ભલાણને આધારે કરવામાં આવ્યો છે.

(અ) ફક્ત 1 અને 2 (બ) **ફક્ત 3** (ક) ફક્ત 1 અને 3 (ડ) 1, 2 અને 3

**(51)** નીચેના પૈકી કોની માર્ગદર્શિકા હેઠળ સરકારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ધારણ કરેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના તમામ શેર હસ્તગત કરી લીધા?

(અ) સીક્યુરીટી કમિશન (બ) નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા

(ક) **સેબી** (ડ) નીતિ આયોગ

**(52)** નીચેના પૈકી કયું હોટ મની (Hot Money)ની સમજૂતી યોગ્ય રીતે આપે છે?

(અ) **ઊંચા વ્યાજ દરનો ફાયદો લેવા માટે એક દેશમાંથી અન્ય દેશમાં લઈ જવાતું ફંડ**

(બ) આ ફંડ બજારમાં ગેરકાયદેસર રીતે ઘુસાડવામાં આવે છે

(ક) આ ફંડ અમેરીકી ડોલરમાં ઊંચા વ્યાજ દરે ટૂંકા ગાળા માટે ઔદ્યોગિક ગૃહોને પૂરું પાડવામાં આવે છે

(ડ) મિલ્કતની જપ્તી અટકાવવા માટે બેંકને સમજૂતીના ભાગરૂપે પ્રથમ હપ્તા તરીકે આપવી પડતી રકમ

**(53)** GST બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/ સાચાં છે?

1. કેન્દ્ર તેમજ રાજ્ય બંનેના કર વેચાણ બિંદુ ઉપર ઉઘરાવવામાં આવશે. 2. કેન્દ્ર તેમજ રાજ્ય બંનેના કર ઉત્પાદન શુલ્ક ઉપર આકારવામાં આવશે. 3. આ નિર્ણય સર્વોચ્ચ અદાલત દ્વારા નિમાયેલ સમિતિની ભલામણને આધારે કરવામાં આવ્યો છે.

(અ) ફક્ત 1 (બ) ફક્ત 2

(ક) **1 અને 2 બંને** (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(54)** બંધારણના અનુચ્છેદ 22 હેઠળની ધરપકડ અને અટકાયત લગતી જોગવાઈઓ બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં નથી?

1. ધરપકડ કરાયેલી વ્યકિત તે સમયે શત્રુ દેશની હોય તેને બનતી ત્વરાએ તેની ધરપકડનાં કારણો જણાવ્યા વિના અટકમાં રાખી શકાશે નહિ

2. નિવારક અટકાયત માટેની જોગવાઈ કરતા કાયદા અનુસાર ધરપકડ કરાયેલી વ્યકિતને તેની પસંદગીના ધારાશાસ્ત્રીની સલાહ લેવાનો અને તેની મારફતે પોતાનો બચાવ કરવાના તેના હક્કને ઈન્કાર કરી શકાશે નહિ

3. કોઈપણ વ્યકિતની ગમે તે કાયદાની જોગવાઈઓ હેઠળ અટકાયત થઈ હોય તેવી વ્યકિતને તેની ધરપકડના સ્થળેથી મેજીસ્ટ્રેટના ન્યાયાલય સુધીની મુસાફરી માટેના જરૂરી સમય બાદ કરતાં, ધરપકડના ચોવીસ કલાકની અંદર નજીકમાં નજીકના મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવી જોઈશે

(અ) ફક્ત 1 (બ) ફક્ત 2 અને 3 (ક) ફક્ત 1 અને 3 (ડ) **1, 2 અને 3**

**(55)** પોતાને સંબોધાયેલા રાષ્ટ્રપતિના રાજીનામાની જાણ ઉપરાષ્ટ્રપતિ એ .......... ને તરત કરવી પડશે.

(અ) **લોકસભાના અધ્યક્ષ** (બ) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ

(ક) વડાપ્રધાન (ડ) સંસદીય બાબતોના મંત્રી

**(56)** રાષ્ટ્રપતિ ઉપર સંવિધાનના ઉલ્લંઘન માટે મહાભિયોગ લાવવાના કિસ્સામાં નીચેના પૈકી કયું સાચું નથી?

(અ) સંસદનાં બેમાંથી કોઈપણ ગૃહ તહોમત મૂકી શકે છે

(બ) તહોમત મૂકવાની દરખાસ્તવાળો ઠરાવ ગૃહના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછો એક ચતુર્થાંશ સભ્યોની સહી સાથેનો હોવો જોઈએ

(ક) **આવો ઠરાવ ઓછામાં ઓછી 7 દિવસની લેખિત નોટિસ આપ્યા બાદ રજૂ કરવામાં આવ્યો હોવો જોઈએ**

(ડ) આવો ઠરાવ ગૃહની કુલ સભ્ય સંખ્યાની ઓછામાં ઓછી બે તૃતીયાંશ બહુમતીથી પસાર થયેલો હોવો જોઈએ

**(57)** મંત્રીમંડળે રાષ્ટ્રપતિને કોઈ સલાહ આપી હતી કે કેમ, અને આપી હોય તો શી આપી હતી એ પ્રશ્નની?

(અ) ફક્ત સર્વોચ્ચ ન્યાયાલય તપાસ કરી શકશે

(બ) ફક્ત સર્વોચ્ચ ન્યાયાલયના હુકમના આધારે સર્વોચ્ચ ન્યાયાલયના નિવૃત્ત થયેલા ન્યાયાધીશ તપાસ કરી શકશે

(ક) તકેદારી આયુક્ત તપાસ કરી શકશે


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

(ડ) **કોઈ ન્યાયાલય તપાસ કરી શકશે નહિ**

**(58)** સંસદના રાજ્યકક્ષાના મંત્રી .......... ની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

(અ) જે તે ખાતાના કેબિનેટ કક્ષાના મંત્રી (બ) વડાપ્રધાન

(ક) **રાષ્ટ્રપતિ** (ડ) ઉપરના પૈકી કોઈ નહિ




**(59)** ભારતના એટર્ની જનરલને .......... નક્કી કરે તે મહેનતાણું મળશે.

(અ) **રાષ્ટ્રપતિ** (બ) વડાપ્રધાન (ક) સર્વોચ્ચ અદાલત (ડ) કાયદા મંત્રાલય

**(60)** લોકસભા રાજ્યમાંના પ્રાદેશિક મતદાર મંડળોમાંથી સીધી ચૂંટણીથી ચૂંટાયેલા વધુમાં વધુ .......... સભ્યોની બનશે.

(અ) 552 (બ) 550 (ક) **530** (ડ) 544

**(61)** સંસદ કાયદો કરીને કટોકટીની ઉદ્‌ઘોષણાનો અમલ બંધ થયા પછી કોઈ સંજોગોમાં સંસદની મુદત .......... થી વધુ લંબાવી શકશે નહિ.

(અ) 3 મહિના (બ) **6 મહિના** (ક) 9 મહિના (ડ) એક વર્ષ

**(62)** લોકસભાની વિસર્જન થાય ત્યારે વિસર્જન પછીની લોકસભાની પહેલી બેઠક મળે ત્યાં સુધી, અધ્યક્ષ?

(અ) **પોતાનો હોદ્દો ખાલી કરી શકશે નહિ** (બ) નો હોદ્દો ખાલી પડશે

(ક) નો હોદ્દો રાજ્યસભાના ઉપ-સભાપતિ સંભાળશે (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(63)** સંસદનાં બેમાંથી કોઈ ગૃહનો સભ્ય કોઈપણ ગેરલાયકાતને આધિન બન્યો છે કે કેમ તે સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે પ્રશ્ન .......... ને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.

(અ) **રાષ્ટ્રપતિ** (બ) લોકસભાના અધ્યક્ષ (ક) સર્વોચ્ચ ન્યાયાલય (ડ) કાયદા મંત્રાલય

**(64)** હુડીલા .......... વિસ્તારનું શૌર્યગાન છે.

(અ) ભાવનગર (બ) કચ્છ (ક) ડાંગ (ડ) **બનાસકાંઠા**

**(65)** યોગ્ય જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. મહારાષ્ટ્ર | a. તમાશો |
| 2. ઉત્તરપ્રદેશ | b. નવટંકી |
| 3. પંજાબ હરિયાણા | c. સ્વાંગ |
| 4. આંધ્રપ્રદેશ | d. યક્ષજ્ઞાન |

(અ) **1-a, 2-b, 3-c, 4-d** (બ) 1-d, 2-c, 3-b, 4-a (ક) 1-d, 2-b, 3-a, 4-c (ડ) 1-a, 2-b, 3-d, 4-c

**(66)** મેઘરાજની છડીનો ઉત્સવ–મેળો .......... માં થાય છે.

(અ) પોરબંદર (બ) **ભરૂચ** (ક) અંજાર (ડ) ભાવનગર

**(67)** ‘હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને’, કાવ્ય પંકિત .......... કવિની છે.

(અ) ઝવેરચંદ મેઘાણી (બ) અખો (ક) વલ્લભ મેવાડો (ડ) પ્રેમાનંદ

**નોંધ: આ પ્રશ્ન રદ કરેલ છે.**

**(68)** ગુજરાતમાં અન્ય પ્રદેશોમાંથી આવીને વસેલી આદિજાતિનો બાબત જોડકાં જોડો.

| | |
|---|---|
| 1. પોમલાં | a. રાજસ્થાન |
| 2. ધોડીયા | b. સિંધ પ્રદેશ |
| 3. ગામિત | c. મહારાષ્ટ્ર |

4. ભરવાડ d. મધ્યપ્રદેશ

(અ) 1-a, 2-b, 3-c, 4-d (બ) **1-d, 2-c, 3-b, 4-a** (ક) 1-d, 2-b, 3-c, 4-a (ડ) 1-a, 2-c, 3-b, 4-d

**(69)** નવલકથાને તેના લેખક સાથે યોગ્ય રીતે જોડો.

1. અખેપાતર a. બિંદુ ભટ્ટ
2. અણસાર b. વર્ષા અડાલજા
3. માધવ ક્યાંયે નથી c. હરીન્દ્ર દવે
4. બંધ મુઠ્ઠીમાં સૂરજ છે. d. પ્રિયકાન્ત પરીખ

(અ) **1-a, 2-b, 3-c, 4-d** (બ) 1-d, 2-c, 3-b, 4-a (ક) 1-b, 2-b, 3-d, 4-a (ડ) 1-c, 2-b, 3-a, 4-d

**(70)** અમદાવાદની પોળમાં આવેલી હરકોઈ શેઠાણીની હવેલી .......... માટે વિખ્યાત છે.

(અ) ભીંત ચિત્ર (બ) ચંદરવો (ક) પિછવાઈ (ડ) **કાષ્ઠકલા**

**(71)** આળેખ .......... છે.

(અ) તળપદ બોલીના ભજન (બ) **માટીની ભીતો ઉપર ભાતીગળ રંગોનું ચિતરામણ**
(ક) કચ્છનું લોકભારત (ડ) ધાતુકલા

**(72)** કટવકામ .......... કલા છે.

(અ) મોતી પરોવણીની
(બ) મૂર્તિઓ ઘડવાની
(ક) **કાપડના વિવિધ રંગો અને આકારના ટૂકડાઓ કાપીને વ્યવસ્થિત ગોઠવી તેની ધારો સીવી લેવાની**
(ડ) દિવાળીના તહેવારો દરમ્યાન માટીની નાની હોડીઓ બનાવી તેને વિવિધ રંગો વડે સજાવવાની

**(73)** સારંગી જેવું વાદ્ય 'ઝૂનઝૂન' .......... જાતિમાં જોવા મળે છે.

(અ) પારધી (બ) ગામીત (ક) ધાનકા (ડ) **સીદી**

**(74)** જોડકાં જોડો.

1. ગુજરાત જાહેર સેવા આયોગ a. વૈધાનિક સંસ્થા
2. તકેદારી આયોગ b. બંધારણીય સંસ્થા
3. માહિતી આયોગ c. અર્ધન્યાયિક સંસ્થા
4. ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ d. નિયમનકારી સંસ્થા

(અ) 1-a, 2-b, 3-6, 4-d (બ) **1-b, 2-a, 3-c, 4-d** (ક) 1-2, 2-b, 3-d, 4-c (ડ) 1-d, 2-c, 3-6, 4-a

**(75)** પંચાયતી રાજ બાબતે એલ. એમ. સિંઘવી સમિતિ દ્વારા નીચેના પૈકી કઈ ભલામણ કરવામાં આવી હતી?

(અ) ગામડાઓના ઝુમખા માટે ન્યાય પંચાયતની રચના (બ) ગ્રામ પંચાયતોને વધુ નાણાંકીય સત્તાઓ
(ક) પંચાયતી રાજ માટે બંધારણમાં એક નવું પ્રકરણ ઉમેરવું (ડ) **ઉપરના તમામ**

**(76)** પંચાયતી રાજ માળખામાં ત્રિ-સ્તરીય માળખાને બદલે દ્વિ-સ્તરીય માળખાની ભલામણ નીચેના પૈકી કોણે કરી?

(અ) વૈગલ રાવ સમિતિ (બ) **અશોક મહેતા સમિતિ** (ક) પી. કે. થુંગન સમિતિ (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(77)** નીચેના પૈકી કયા કેન્દ્રશાસિત પ્રદેશમાં પંચાયતી રાજ વ્યવસ્થા જોવા મળતી નથી?

(અ) દમણ અને દીવ (બ) ચંદીગઢ (ક) **દિલ્હી** (ડ) ઉપરના તમામ

**(78)** શાસન ઉપર ઉદારીકરણની નીચેના પૈકી કઈ અસરો થઈ?

(1) કાયદાનુશાસિત પારદર્શિતાએ રોકાણકારો અને સરકાર વચ્ચેનો વિશ્વાસ મજબૂત બનાવ્યો
(2) નોકરીઓની સંખ્યામાં ઘટાડો

(અ) **ફક્ત 1** (બ) ફક્ત 2
(ક) 1 અને 2 બંને (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(79)** IMF આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ દ્વારા ભારતની જાહેર ક્ષેત્રની બેંકો બાબતે નીચેના પૈકી કયાં અવલોકનો વ્યકત કર્યા છે?

(1) જાહેર ક્ષેત્રની બેંકોમાં જાહેર માલિકી તાત્કાલિક પરત ખેંચી શાસન સુધારણા, આંતરિક નિયંત્રણો અને કામગીરી માટે આયોજન કરવું. (2) જાહેર ક્ષેત્રની બેંકોના બોર્ડમાંથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિઓને દૂર કરવાં.

(અ) ફક્ત 1 (બ) ફક્ત 2
(ક) **1 અને 2 બંને** (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(80)** 'કુદરતી ન્યાય' વિચારધારાનું ઉદગમ સ્થાન કયું છે?

(અ) થોમસ હોલ્સ, હ્યુગો અને જ્હોન લોક (બ) મેગ્નાકાર્ટા
(ક) **ગ્રીક, ખ્રિસ્તી અને મધ્યકાલિન કેથોલીક શાસ્ત્ર** (ડ) કન્ફ્યુશિયસ

**(81)** આ દિવસે સંયુકત સંઘની સામાન્ય સભાએ માનવહકની ઘોષણા કરી હોવાને કારણે આ દિવસ માનવ હક દિન તરીકે ઉજવાય છે?

(અ) 6 જૂન (બ) 2 માર્ચ (ક) 9 નવેમ્બર (ડ) **10 ડિસેમ્બર**

**(82)** એમનેસ્ટી ઈન્ટરનેશનલનું મુખ્ય મથક કયાં આવેલું છે?
(અ) **લંડન** (બ) જીનીવા (ક) ન્યૂયોર્ક (ડ) કોપનહેગન

**(83)** નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપનાની જાહેરાત કઈ આંતરરાષ્ટ્રીય સમિટમાં કરવામાં આવી હતી?
(અ) G-20 (બ) **ઈસ્ટ એશિયા** (ક) G-7 (ડ) BIMSTEC

**(84)** માળીનો ચાળો .......... છે.
(અ) પાવાગઢની તળેટીમાં આવેલું પ્રખ્યાત મંદિર (બ) જામનગરમાં આવેલું રાણા રામદેવજીનું સ્થાનક
(ક) ચારણી સાહિત્યનો પ્રકાર (ડ) **એક પ્રકારનું ડાંગી નૃત્ય**

**(85)** .......... ચાને 'ગળી સાહ' અને છાશને 'ખાટી સાહ' કહે છે.
(અ) **ભીલ** (બ) કોળી (ક) રાઠવા (ડ) ધાનકા

**(86)** આદિવાસી પ્રજા તથા દિગંબર જૈન સમાજની સંસ્કૃતિના સમન્વયરૂપ રેવડીનો મેળો .......... ખાતે યોજાય છે.
(અ) ડાકોર (બ) **સંતરામપુર** (ક) લુણાવાડા (ડ) પીપલોદ

**(87)** તેલીયા તળાવ અને દૂધિયા તળાવ કયાં આવેલાં છે?
(અ) ગીરનાર (બ) **પાવાગઢ** (ક) ચોટીલા (ડ) માંગરોળ

**(88)** હનુમાનની માતા અંજનીના નામ ઉપરથી પડેલું અંજનકુંડ કે જ્યાં હનુમાનનો જન્મ થયો હોવાનું મનાય છે. તે કયાં આવેલું છે?
(અ) પાટણ (બ) ભાવનગર (ક) **ડાંગ** (ડ) વેરાવળ

**(89)** મહાવદ ચોથના દિવસે .......... ખાતે ગાંધીજીનું અસ્થિ વિસર્જન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેથી દર વર્ષે આ દિવસ અહીં આદિવાસીઓનો મોટો મેળો ભરાય છે.
(અ) ગોલતેશ્વર (બ) ચાંદોદ (ક) જેમલગઢ (ડ) **કવાંટ**

**(90)** પ્રાકૃતિક સૌંદર્યથી ભરપુર એવું બાણેજ તીર્થસ્થાન કયાં આવેલું છે?
(અ) સાબરકાંઠા (બ) વલસાડ (ક) **ગીર** (ડ) ભાવનગર

**(91)** રંગ અવધૂત મહારાજનું તીર્થસ્થાન કયાં આવેલું છે?
(અ) **નારેશ્વર** (બ) મૂળ ગોમટા (ક) બેટ દ્વારકા (ડ) ફાગવેલ

**(92)** ગુજરાતના ધોધને તેના સ્થાન સાથે યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| 1. નિનાઈ | a. ધરમપુર |
| 2. હાથણી માતા | b. ડેડિયાપાડા |
| 3. જોડિયા | c. ડાંગ |
| 4. ચીમેર | d. જાંબુઘોડા-હાલોલ |

(અ) 1-b, 2-d, 3-c, 4-a (બ) **1-b, 2-d, 3-a, 4-c** (ક) 1-a, 2-b, 3-c, 4-d (ડ) 1-d, 2-c, 3-b, 4-a

**(93)** અકબર બાદશાહે જૈન ધર્મના પ્રખર વિદ્વાન .......... થી પ્રભાવિત થઈ ગુજરાતમાંથી જજિયાવેરો કાઢી નાખવાની તથા પર્યુષણાદિ બાર દિવસોએ 'અમારિ'ની જાહેરાત કરી હતી.
(અ) જિનલાભસૂરિ (બ) પદ્મવિજયસૂરિ (ક) **હીરવિજયસૂરિ** (ડ) વિજયલક્ષ્મીસૂરિ

**(94)** એક વિદ્યાર્થી એક સંખ્યાને $\frac{5}{3}$ થી ગુણવાને બદલે $\frac{3}{5}$ થી ગણે છે તો આ ગણતરીમાં ત્રુટીની ટકાવારી કેટલી થશે?
(અ) 44 % (બ) 54 % (ક) **64 %** (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(95)** કાઉન્સિલ ફોર સાયન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ દ્વારા નીચેના પૈકી ઓછું પ્રદૂષણ કરતા કયા ત્રણ પ્રકારના ફટાકડાઓ વિકસાવવામાં આવ્યા છે?
1. સેફ વોટર રીલીઝર (SWAS) 2. સેફ મિનિમલ એલ્યુમિનિયમ (SAFAL)
3. સેફ થરમાઈટ ક્રેકર (STAR) 4. સેફ એર ક્રેકર (SAR)
(અ) **ફક્ત 1, 2 અને 3** (બ) ફક્ત 2, 3 અને 4 (ક) ફક્ત 1, 2 અને 4 (ડ) 1, 3 અને 4

**(96)** ભારત-યુ.એસ. નિકાસ સબસીડી વિવાદો જોવા કયા સંગઠને વિવાદ–પેનલની સ્થાપના કરી છે?
(અ) વર્લ્ડ બેંક (બ) SAFTA (ક) **WTO** (ડ) FICCI

**(97)** પ્રથમ મેગા ફૂડ પાર્ક - ધ ગુજરાત એગ્રો મેગા ફૂડ પાર્ક .......... ખાતે શરૂ થયો.
(અ) અમદાવાદ (બ) **સુરત** (ક) ગાંધીનગર (ડ) વડોદરા

**(98)** ભારતીય રેલવે દ્વારા જાહેર કરાયેલી ટ્રેન-18, Train-18 ની શી વિશિષ્ટતાઓ છે?
(અ) ટ્રેન એન્જીન વગરની છે (બ) ટ્રેન 160 કિ.મી. પ્રતિ કલાકની ગતિએ દોડશે
(ક) **(અ) અને (બ) બંને** (ડ) આ પૈકી કોઈ નહિ

**(99)** ભારતમાં સૌપ્રથમ વખત કન્ટેનર પરિવહન કયા આંતરિક રાષ્ટ્રીય જળમાર્ગ શરૂ થયો હતો?

(અ) **રાષ્ટ્રીય જળમાર્ગ 1** (બ) રાષ્ટ્રીય જળમાર્ગ II (ક) રાષ્ટ્રીય જળમાર્ગ II (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(100)** વિમેન્સ T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌપ્રથમ સદી કેરનાર કોણ છે?
(અ) **દિએન્દ્રા ડોટીન** (બ) હરમનપ્રીત કૌર (ક) સુઝી બેટસ (ડ) જોગ લેનીગ

**(101)** પહેલું વિશ્વયુદ્ધ પૂર્ણ થયાની 100મી જયંતી નિમિત્તે .......... ખાતે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા આશરે 60 દેશોના રાષ્ટ્રપ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા.
(અ) લંડન (બ) હિરોશિમા (ક) **પેરિસ** (ડ) બર્લિન

**(102)** ઈસરો દ્વારા પ્રક્ષેપિત જીસેટ - 29 ઉપગ્રહ બાબતે નીચેના પૈકી કયું/કયા વિધાન વિધાનો સાચું/સાચાં છે?
1. તે ભારતની સૌથી વજનદાર ઉપગ્રહ છે.
2. તેને GSLV MK-III-D2 દ્વારા લોન્ચ કરવામાં આવ્યું.
3. તે સંદેશાવ્યવહાર ઉપગ્રહ છે.
4. તે દુશ્મન જહાજો ઉપર નજર રાખશે.
(અ) ફક્ત 1 અને 2 (બ) **ફક્ત 2 અને 3** (ક) ફક્ત 1,2 અને 3 (ડ) 1, 2, 3 અને 4

**(103)** વડોદરા ખાતે કાર્યરત થયેલ ભારતની પ્રથમ નેશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઈન્સ્ટીટ્યુટ (NRC) ના વિદેશી સહયોગી સહયોગીઓ છે.
1. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નીયા 2. બર્કલે એન્ડ કોર્નેલ યુનિવર્સિટી
(અ) ફક્ત 1 (બ) ફક્ત 2 (ક) **1 અને 2 બંને** (ડ) 1 અને 2 બંને પૈકી કોઈ નહિ

**(104)** ગુજરાત સરકારે નીચેના પૈકી કયા સમુદાયોને ધાર્મિક લઘુમતીનો દરજ્જો આપ્યો છે?
1. પારસી 2. ખ્રિસ્તી 3. મુસ્લિમ 4. યહુદી
(અ) ફક્ત 1 અને 2 (બ) ફક્ત 2 અને 3 (ક) ફક્ત 1, 2 અને 3 (ડ) **1, 2, 3 અને 4**

**(105)** 'પૂર્ણા યોજના' બાબતે નીચે પૈકી કયું સાચું છે?
(અ) **આ યોજના 14 થી 18 વર્ષની દીકરીઓના પોષણ માટેની યોજના છે**
(બ) આ યોજના 14 થી 18 વર્ષની નાની વયના તમામના પોષણ માટેની યોજના છે
(ક) આ યોજના 14 થી 18 વર્ષની વચ્ચેના તમામના પોષણ માટેની યોજના છે
(ડ) આ યોજના 14 થી 18 વર્ષની નાની વયની બાળકીઓના પોષણ માટેની યોજના છે

**(106)** નવમી અને દસમી સદી દરમિયાન આધુનિક દક્ષિણ ગુજરાત માટે .......... શબ્દ પ્રયોજાતો.
(અ) **લાટ** (બ) સુલક્ષ (ક) ભાખા (ડ) ગુર્જર

**(107)** વીજળીનો ચમકારો એ કયા જૈવરાસાયણિક ચક્ર સાથે જોડાયેલી ઘટના છે?
(અ) ઓકિસજન ચક્ર (બ) **નાઈટ્રોજન ચક્ર** (ક) કાર્બન ડાયોકસાઈડ ચક્ર (ડ) ફોસ્ફરસ ચક્ર

**(108)** ભારતમાં સૌથી મોટી ઘોડા ભરતી .......... પાસે આવે છે.
(અ) નર્મદામાં ભરૂચ (બ) મહાનદીમાં જગતસિંહપુર
(ક) કાવેરીમાં હમશલા દેવી (ડ) **ગંગાનદી (હુગલી)માં કોલકાતા**

**(109)** ભરૂચ અને શુક્લતીર્થની વચ્ચે કઈ ઉપનદી નર્મદાને મળે છે?
(અ) કાવેરી (બ) અમરાવતી (ક) ભૂખી (ડ) **ઉપરની તમામ**

**(110)** સમુદ્રમાં ઉત્પન્ન તથા પ્રવાહો માટે નીચે પૈકીનું/ના કયું/કયાં કારણ/કારણો જવાબદાર છે?
(અ) સૂર્યશક્તિ (બ) ગ્રહિય પવનો (ક) પૃથ્વીનું પરિભ્રમણ (ડ) **ઉપરનાં તમામ**

**(111)** રાજસ્થાનમાં યાત્રાધામ સુન્ધામાતાની પાસે આવેલા પર્વતો .......... નું દ્રષ્ટાંત છે.
(અ) **ગેડ પર્વત** (બ) ખંડ પર્વત (ક) ઘુમ્મટાકાર પર્વત (ડ) જ્વાળામુખી પર્વત

**(112)** .......... પ્રકારનાં જંગલો મરી, લવિંગ, ઈલાયચી જેવા તેજાનાની. બાગાયત માટે ઉપયોગી છે.
(અ) ઉત્તર કટિબંધીય પાનખર (બ) ઉષ્ણ કટિબંધીય કાંટાળા
(ક) **ઉષ્ણ કટિબંધીય નિત્ય લીલાં** (ડ) પર્વતીય

**(113)** છત્તીસગઢના બસ્તર જિલ્લાની .......... ની ખાણ એશિયાની સૌથી મોટી સુસજ્જિત (mechanised) ખાણ છે.
(અ) કોલસો (બ) **લોહ અયસ્ક** (ક) મેંગેનીઝ (ડ) બોકસાઈટ

**(114)** ભારતના પશ્ચિમ તટ પર વરસાદ પશ્ચિમથી પૂર્વ જતાં .......... અને ગુજરાતમાં પૂર્વથી પશ્ચિમ જતાં .......... થવા લાગે છે.
(અ) **ઓછો, ઓછો** (બ) ઓછો, વધુ (ક) વધુ, ઓછો (ડ) વધુ, વધુ

**(115)** ગુજરાતમાં કેટલા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (SIR) નોટીફાઈ થયેલાં છે?
(અ) 4 (બ) 5 (ક) 6 (ડ) **7**

**(116)** ગુજરાત વીજ ઉત્પાદનમાં નીચેના પૈકી સૌથી વધુ હિસ્સો કોનો છે?


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

(અ) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી. (GSECL) (બ) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. (GUVNL)
(ક) **ખાનગી ક્ષેત્ર** (ડ) કેન્દ્રીય ક્ષેત્ર

**(117)** ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા .......... ને હજીરા પોર્ટના વિકાસ માટે અધિકારણે સુપરત કરવામાં આવ્યાં છે.
(અ) **મે. શેલ ગેસ બી.વી.** (બ) એસ્સાર (ક) રિલાયન્સ (ડ) પેટ્રોનેટ

**(118)** ગુજરાતમાં મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ બાબતે નીચેના પૈકીનાં કયાં વિધાનો સાચાં છે?
1. મુખ્યમંત્રીને મળેલ ભેટ સોગાદોની દર વર્ષે જાહેર હરાજી કરીને તેમાંથી ફંડ ઉભું કરવામાં આવે છે.
2. આ ફંડમાં દાતાઓ અને સંસ્થાઓ તરફથી દાન કરવામાં આવે છે.
3. એમ.બી.બી.એસ. અભ્યાક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીનીઓ કે જેમના વાલીની કૌટુંબિક વાર્ષિક આવક રૂા. 6 લાખ સુધીની હોય તેમને આ યોજનાનો લાભ મળે છે.
4. બી.પી.એલ. હેઠળ આવતી કન્યાઓને ધોરણ-8 સુધીનું શિક્ષણ પૂરું કર્યા બાદ રૂા. 2000 ના બોન્ડ આપવામાં આવે છે.
(અ) ફક્ત 1 (બ) ફક્ત 1 અને 2 (ક) **ફક્ત 1, 2 અને 3** (ડ) 1, 2, 3 અને 2

**(119)** .......... દરિયાઈ વિશ્વમાં એલ.પી.જી (LPG) આયાત કરનાર સૌપ્રથમ ખાનગી બંદર છે.
(અ) ભાવનગર (બ) **પોરબંદર** (ક) કંડલા (ડ) દહેજ

**(120)** ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી?
(અ) **વૈજ્ઞાનિક શિક્ષણ, જાગૃતિ, સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપવા માટેની નોડલ સંસ્થા છે.**
(બ) હાર્ડવેર અને સોફટવેરની સુવિધા મેળવવા સલાહ આપે છે અને ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટના અમલીકરણ માટેની તાલીમ પૂરી પાડે છે.
(ક) ટેકનોલોજી આધારિત ઉદ્યોગો અને ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા માટેની નોડલ સંસ્થા છે.
(ડ) સ્પેસ એપ્લિકેશન્સ અને જીઓ-ઈન્ફર્મેટીક્સ માટેની નોડલ સંસ્થા છે.

**(121)** ભારત સરકારની નીચેના પૈકી કઈ યોજના સૌ કોઈ માટે ધોરણ 9 અને તેના ઉપરના વર્ગોના અભ્યાસક્રમો શીખવવા માટે આઈ.ટી. પ્લેટફોર્મની સુવિધાઓ પૂરી પાડે છે.
(અ) **સ્વયં** (બ) સારાંક્ષ (ક) સ્વયંપ્રભા (ડ) શાળાસિદ્ધિ

**(122)** મનુષ્યના શરીરમાં લોહીના દબાણ બાબાતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
(A) તે શિરાઓ કરતાં ધમનીઓમાં વધુ હોય છે.
(B) તે સ્ફીગ્મોમીટર નામના સાધન વડે માપવામાં આવે છે.
(અ) ફક્ત 1 (બ) ફક્ત 2
(ક) **1 અને 2 બંને** (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(123)** લોહી એ .......... પ્રકારની પેશી છે.
(અ) ઉપકલા પેશી (બ) **જોડાણ પેશી** (ક) સ્નાયુ પેશી (ડ) મજ્જા પેશી

**(124)** નીચેના પૈકી કઈ જોડી ખોટી છે?
(અ) રાષ્ટ્રીય જળમાર્ગ-I: ગંગા-ભગીરથી-હુગલી (બ) **રાષ્ટ્રીય જળમાર્ગ-II : યમુના-બ્રહ્મપુત્રા**
(ક) રાષ્ટ્રીય જળમાર્ગ-IV : ગોદાવરી કૃષ્ણા (ડ) ઉપર પૈકી કોઈ નહી

**(125)** વાતાગ્ર એ હવાનો .......... કિલોમીટર પહોળો વિસ્તાર છે.
(અ) **3 થી 50** (બ) 50 થી 100 (ક) 100 થી 150 (ડ) 150 થી 200

**(126)** ઓડિશાનું ચિલ્કા અને તામિલનાડુનું પુલિકટ .......... સરોવરનાં દ્રષ્ટાંત છે.
(અ) **લગુન** (બ) તાજા પાણીનાં (ક) જ્વાળામુખી (ડ) ફાટખીણ

**(127)** ગુજરાતના પ્રથમ હેવી વોટર પ્લાન્ટની સ્થાપના કયાં કરવામાં આવી હતી?
(અ) હજીરા (બ) જામનગર (ક) ખારાઘોડા (ડ) **વડોદરા**

**(128)** નીચેના પૈકી કોની ગૌણ વન–પેદાશો તરીકે નોંધણી થયેલ છે?
(1) ટીમરૂના પાન (2) મહુડાના ફુલ (3) ગુંદર
(અ) ફક્ત 1 (બ) ફક્ત 2 અને 3 (ક) ફક્ત 1 અને 3 (ડ) **1, 2 અને 3**

**(129)** ગુજરાતના કયા જિલ્લાની વસ્તીમાં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ સૌથી વધુ છે?
(અ) વડોદરા (બ) વલસાડ (ક) **દાહોદ** (ડ) સુરત

**(130)** પૃથ્વીના સિમાના સ્તરની નીચે આવેલો ભૂગર્ભના કેન્દ્ર ભાગમાં મુખ્યત્વે .......... જેવાં નક્કર ધાતુમય દ્રવ્યો આવેલાં છે.
(અ) મેગ્નેશિયમ અને કોબાલ્ટ (બ) **નિકલ અને ફેરિયમ** (ક) ગ્રેનાઈટ અને બેસાલ્ટ (ડ) કોટર અને કેલ્શિયમ

**(131)** નીચેના પૈકી કઈ જોડી ખોટી છે?
(અ) પિનવેલી રાષ્ટ્રીય ઉદ્યાન - હિમાચલ પ્રદેશ (બ) મરીન રાષ્ટ્રીય ઉદ્યાન - ગુજરાત


તમામ પ્રશ્નપત્રો Crack GPSC (ક્રેક જીપીએસસી) એપ્લિકેશનમાં FREE ઉપલબ્ધ છે.

(ક) **સુલતાનપુર રાષ્ટ્રીય ઉદ્યાન - મહારાષ્ટ્ર** (ડ) પના રાષ્ટ્રીય ઉદ્યાન - મધ્યપ્રદેશ

**(132)** 2011 ની વસ્તી ગણતરી મુજબ નીચેના પૈકી કયાં વિધાનો સાચાં છે?
(A) ભારતી સરખામણીમાં ગુજરાતનો સાક્ષરતા દર ઊંચો છે.
(B) 15-19 ના વયજૂથમાં ગુજરાતની વસ્તીના હિસ્સાની ટકાવારી ભારતની વસ્તીના હિસ્સાની ટકાવારી કરતાં વધુ છે.
(અ) **ફક્ત 1** (બ) ફક્ત 2 સાચું છે. (ક) 1 અને 2 બંને સાચાં છે. (ડ) 1 અને 2 બંને ખોટાં છે.

**(133)** ગુજરાતમાં નીચેના પૈકી કયા પાકના વાવેતર વિસ્તાર સૌથી વધુ છે?
(અ) મગફળી (બ) ઘઉં (ક) બાજરી (ડ) **કપાસ**

**(134)** સર્વોચ્ચ અદાલતના હુકમ અનુસાર સમગ્ર ભારતમાં .......... થી ભારતે સ્ટેજ-IV વાહનનું વેચાણ થઈ શકશે નહિ.
(અ) 1 April, 2018 (બ) 1 April, 2019 (ક) **1 April, 2020** (ડ) 30 April, 2020

**(135)** ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ એલાયન્સ અનુસાર નીચેના પૈકીની કઈ ભારતીય સરકારી સંસ્થા વિશ્વની સૌથી મોટી સહકારી સંસ્થા છે?
(અ) AMUL (બ) **IFFCO** (ક) FICCI (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(136)** એશિયન ડેવલપમેન્ટ બેંક અનુસાર નીચેના પૈકી કયા એશિયાઈ દેશમાંથી સૌથી વધુ સ્થળાંતરીત (Outward Migrants) લોકો છે?
(અ) ચીન (બ) **ભારત** (ક) બાંગ્લાદેશ (ડ) પાકિસ્તાન

**(137)** પર્યાવરણ મંત્રાલય દ્વારા દિવાળીના સંદર્ભે નીચેના પૈકી કયું અભિયાન શરૂ કરવામાં આવ્યું?
(અ) હમારી દિવાલી, હરિત દિવાલી (બ) હરિત દિવાલી, આરોગ્ય દિવાલી
(ક) **હરિત દિવાલી, સ્વસ્થ દિવાલી** (ડ) હમારી દિવાલી, સ્વસ્થ દિવાલી

**(138)** નેતાજી સુભાષચંદ્ર બોઝ એવોર્ડ .......... ને એનાયત કરવામાં આવે છે.
(અ) **આપત્તિ કામગીરીમાં સામેલ પોલીસ અને અર્ધલશ્કરી બળો**
(બ) ત્રાસવાદ વિરોધી કામગીરીમાં સામેલ પોલીસ અને અર્ધલશ્કરી બળો
(ક) સામુદાય પોલીસ (Community Plicing) માં સામેલ નાગરિક સંરક્ષણ કર્મચારીઓ
(ડ) સીમા સુરક્ષા અને યુદ્ધમાં સામેલ લશ્કરી લોકો

**(139)** 'ધર્મ- ગાર્ડયન-2008' ભારત અને .......... વચ્ચેની 14 દિવસની સંયુક્ત લશ્કરી કવાયત છે.
(અ) ઈન્ડોનેશિયા (બ) રશિયા (ક) **જાપાન** (ડ) જર્મની

**(140)** નિવૃત્ત થયેલું વિમાનવાહક INS વિરાટ .......... રાજ્ય સરકાર હેઠળ તરતું સંગ્રહાલય બનશે.
(અ) આંધ્રપ્રદેશ (બ) ગુજરાત (ક) **મહારાષ્ટ્ર** (ડ) તામિલનાડુ

**(141)** ભારતનું સૌપ્રથમ સ્વદેશી માઈક્રો પ્રોસેસર મદ્રાસ - આઈ.આઈ.ટી. દ્વારા બનાવવામાં આવેલ, જેનું નામ .......... છે.
(અ) સામાન્ય (બ) **શક્તિ** (ક) સાંકેતિક (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(142)** ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા મૂકવામાં આવેલું ઓફશોર પેટ્રોલ વેસલ (offshroe Patrol Vessel) ICGS વરાહ .......... દ્વારા નિર્મિત છે.
(અ) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (બ) તાતા ડિફેન્સ સિસ્ટમ્સ (ક) **લારસન એન્ડ ટુબ્રો** (ડ) ડી.આર.ડી.ઓ.

**(143)** એક પેટીમાં 8 સોનાના સિક્કા અને 10 ચાંદીના સિક્કા છે. જ્યારે બીજી પેટીમાં 6 સોનાના સિક્કા અને 14 ચાંદીના સિક્કા છે. બે પેટીમાંથી એક પેટીની યાદચ્છિક રીતે પસંદગી કરવામાં આવે છે અને તેમાંથી એક સિક્કો પસંદ કરવામાં આવે છે. તો આ સિક્કો સોનાનો હોવાની સંભાવના કેટલી?
(અ) $\frac{31}{90}$ (બ) **$\frac{67}{180}$** (ક) $\frac{7}{19}$ (ડ) ઉપરના પૈકી કોઈ નહિ






**(144)** નીચેના પૈકી કયું/કયાં વિધાનો/વિધાનો સાચું/સાચાં છે?

1. પ્રથમ 200 પ્રાકૃતિક સંખ્યાઓમાં કુલ 14 પૂર્ણ વર્ગ સંખ્યાઓ છે.
2. બે પૂર્ણ વર્ગ સંખ્યાઓનો સરવાળો પણ પૂર્ણ વર્ગ સંખ્યા જ હોય છે.
3. બે પૂર્ણ વર્ગ સંખ્યાઓનો ગુણાકાર પણ પૂર્ણ વર્ગ સંખ્યા જ હોય છે.

(અ) ફક્ત 3 (બ) ફક્ત 2 અને 3 (ક) **ફક્ત 1 અને 3** (ડ) 1, 2 અને 3

**નિર્દેશ (પ્રશ્ન 145 થી 147) :** નીચેના સ્થંભાલેખમાં આપેલા વર્ષોમાં લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગોમાં થયેલ નફાની ટકાવારી આપવામાં આવેલ છે. તેનો ઉપયોગ કરી આપેલ પ્રશ્નો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.




**(145)** વર્ષ 2015 માં કયા ઉદ્યોગ ક્ષેત્રમાં વર્ષ 2012 ની સરખામણીમાં નફાની ટકાવારીમાં સૌથી વધુ ફેરફાર થયો?

(અ) લઘુ ઉદ્યોગ (બ) **મોટા ઉદ્યોગ**

(ક) મધ્યમ ઉદ્યોગ (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(146)** જો વર્ષ 2013 માં લઘુ ઉદ્યોગોનું કુલ ટર્ન ઓવર રૂા. 240 લાખ હોય તો તે વર્ષમાં તેનો કુલ નફો આશરે કેટલ થશે?

(અ) રૂા. 30 લાખ (બ) રૂા. 40 લાખ (ક) **રૂા. 50 લાખ** (ડ) રૂા. 60 લાખ

**(147)** આપેલા તમામ વર્ષોમાં મધ્યમ ઉદ્યોગોએ કરેલ નફાની ટકાવારીની સરેરાશ આશરે કેટલી હશે?

(અ) 21 % (બ) **29 %** (ક) 34 % (ડ) 39 %

**(148)** P, Q, R, S, T, U અને V એક કુટુંબના સભ્યો છે. તે પૈકી 4 પુખ્ત વયના અને 3 બાળકો છે. U અને V નાની બાળકીઓ છે. P અને S ભાઈઓ છે અને P ડોકટર છે. T એન્જિનિયર છે અને તેણે બે પૈકી એક ભાઈ સાથે લગ્ન કર્યા છે અને તેમને 2 સંતાનો છે. Q એ S સાથે લગ્ન કર્યા છે અને V તેનું સંતાન છે.

(અ) P એ S નો ભાઈ છે. (બ) R એ U નો પિતા છે. (ક) **P એ R નો પિતા છે.** (ડ) T એ U નો ભાઈ છે.

**(149)** જો L એટલે ÷, M એટલે ×, P એટલે + અને Q એટલે –, તો નીચે આપેલ વિકલ્પો પૈકી કયો વિકલ્પ સાચો છે?

(અ) 32 P 8 L 16 Q 4 = $-\frac{3}{2}$ (બ) 6 M 18 Q 26 L 13 P 7 = $\frac{173}{13}$

(ક) 11 M 34 L 17 Q 8 L 3 = $\frac{38}{3}$ (ડ) **9 P 9 L 9 Q 9 M 9 = –71**

**(150)** નીચેની આકૃતિમાં જો PQRS સમાંતર બાજુ ચતુષ્કોણ હોય તો b ની કિંમત કેટલી હશે?




(અ) 2 (બ) **3** (ક) 4 (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(151)** ત્રણ સંખ્યાઓ 2:3:4 ના ગુણોત્તરમાં છે. જો તેઓના ઘનનો સરવાળો 33957 હોય તો તે પૈકી સૌથી મોટી સંખ્યા કઈ હશે?

(અ) 24 (બ) **28** (ક) 32 (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(152)** જો $\log_2 x + \log_2 y = 4$ અને x = 0.2 હોય તો y ની ઉંમર કેટલી થશે?

(અ) 3.8 (બ) 38 (ક) **80** (ડ) 8000

**(153)** માનવ શરીરમાં આંત્રપૂચ્છ (Appendix) ………. સાથે જોડાયેલું છે.

(અ) **મોટું આંતરડું** (બ) નાનું આંતરડું (ક) પિત્તાશય (ડ) જઠર

**(154)** નાવિક (NAVIC) બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
1. તે સ્વદેશી બનાવટની નેવીગેશન ઉપગ્રહ આધારીત સિસ્ટમ છે.
2. તેમાં સાત ઉપગ્રહોનો સમાવેશ થાય છે.
3. તે 2016 માં કાર્યરત થયું.
(અ) ફક્ત 1 અને 3 (બ) ફક્ત 2 અને 3 (ક) **ફક્ત 1 અને 2** (ડ) 1, 2 અને 3

**(155)** PSLV અને GSLV બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં નથી?
1. PSLV એ GSLV કરતાં જૂનું છે.
2. GSLV એ PSLV કરતાં અવકાશમાં વધારે વજન લઈ જવાની ક્ષમતા ધરાવે છે.
3. GSLV એ PSLV કરતાં વધુ સફળતા ગુણોત્તર ધરાવે છે.
(અ) ફક્ત 1 (બ) ફક્ત 1 અને 2 (ક) ફક્ત 2 અને 3 (ડ) **ફક્ત 3**

**(156)** ભારતીય સંરક્ષણ સામગ્રી K-4 અને K-15 .......... છે.
(અ) **બેલેસ્ટિક મિસાઈલ્સ** (બ) પરમાણુ સ્ફોટક અગ્ર (ન્યુકિલયર વોરહેડ)
(ક) ભારે વિસ્ફોટક સુરંગ (લેન્ડમાઈન્સ) (ડ) સબમશીનગન્સ

**(157)** અગ્નિ - IV મિસાઈલ બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
1. તે સપાટીથી સપાટી (Surface to surface) મિસાઈલ છે.
2. તે મધ્યમ શ્રેણીનું બેલેસ્ટિક મિસાઈલ છે.
3. તે આશરે 7500 કિ.મી. સુધી 1 ટન પરમાણુ સ્ફોટક અગ્ર (ન્યુકિલયર વોરહેડ) વહન કરી શકે છે.
(અ) ફક્ત 1 અને 2 (બ) ફક્ત 2 અને 3 (ક) ફક્ત 1 અને 3 (ડ) 1, 2 અને 3
**નોંધ : આ પ્રશ્ન રદ કરેલ છે.**

**(158)** નીચેના પૈકી કઈ ભારતીય કોલસાની સમસ્યાઓ છે?
(અ) નીચું કેલરી મૂલ્ય (બ) રાખનું ઊંચું પ્રમાણ (ક) ગંધકનું ઊંચું પ્રમાણ (ડ) **ઉપરની તમામ**

**(159)** બાયોગેસ બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?
1. બાયોગેસ ધૂમાડો કે રાખનું નિર્માણ કરતું નથી.
2. બાયોગેસ પ્લાન્ટમાનો વધેલો કચરો ખાતર તરીકે ઉપયોગી છે.
(અ) ફક્ત 1 (બ) ફક્ત 2
(ક) **1 અને 2 બંને** (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(160)** નીચેના પૈકી કઈ પ્રવૃત્તિમાં લેસરનો ઉપયોગ થાય છે?
1. છાપકામ 2. બારકોડ સ્કેનીંગ 3. કપડા ઉદ્યોગ 4. કેન્સરની સારવાર
(અ) **1, 2, 3 અને 4** (બ) ફક્ત 1, 2 અને 3 (ક) ફક્ત 1 અને 2 (ડ) ફક્ત 1

**(161)** માનવ શરીરની કિડનીમાં થતી પથરીનું મુખ્ય રાસાયણિક સંયોજન .......... છે.
(અ) યુરિક એસિડ (બ) કેલ્શિયમ કાર્બોનેટ (ક) **કેલ્શિયમ ઓકજેલેટ** (ડ) કેલ્શિયમ સલ્ફેટ

**(162)** વરસાદના પાણી કરતાં નદીનું પાણી ભારે હોય છે કારણ કે?
(અ) તે હંમેશા વહેતું હોય છે (બ) તે વાતાવરણમાં ખુલ્લું હોય છે
(ક) **તે કેલ્શિયમ અને મેગ્નેશિયમના ક્ષાર ધરાવે છે** (ડ) તે સોડિયમ કલોરાઈડ ધરાવે છે

**(163)** ધાતુના એક 18 સે.મી. વ્યાસના ગોળામાંથી એક 6 મી.મી. વ્યાસનો તાર ખેંચવામાં આવે છે, તો તે તારની લંબાઈ કેટલી થશે?
(અ) **108 મીટર** (બ) 300 મીટર (ક) 1080 મીટર (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(164)** એક યાત્રાળુ કુલ 1200 કિ.મી.ની પદયાત્રા 8 દિવસમાં પૂર્ણ કરે છે. દિવસ દરમિયાન તે કુલ 9 કલાક આરામ કરે છે. જો તેણે પરત યાત્રા 10 દિવસમાં બમણી ઝડપે પૂરી કરી હોય તો પરત યાત્રામાં દિવસ દરમિયાન તેણે કેટલા કલાક આરામ કર્યો હશે?
(અ) 12 કલાક (બ) 13.5 કલાક (ક) **18 કલાક** (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(165)** જો ત્રિકોણ ABC માં CE એ વેધ હોય તો નીચે પૈકી કયું વિધાન/કયાં વિધાનો નિશ્ચિતપણે સત્ય છે?
1. જો ઈ એ બાજુ AB નું મધ્યબિંદુ હોય તો ત્રિકોણ ABC સમબાજુ ત્રિકોણ છે.
2. ત્રિકોણ ABC ના અંતઃવર્તુળનું કેન્દ્ર વેધ CE નું મધ્યબિંદુ છે.
(અ) 1 અને 2 બંને (બ) ફક્ત 1
(ક) ફક્ત 2 (ડ) **ઉપરના પૈકી કોઈ નહિ**

**(166)** 12 : 48 કલાકે ઘડિયાળનો કલાક કાંટો તેના મિનિટ કાંટા કરતાં કેટલા ડિગ્રી પાછળ હશે?
(અ) 230° (બ) 248° (ક) **264°** (ડ) 288°

**(167)** વિવાન એક કામ 15 દિવસમાં પૂરું કરે છે. કામ શરૂ કર્યા બાદ 5 દિવસ પછી તે કામ છોડી દે છે. બાકીનું કામ રોહન 12 દિવસમાં પૂરું કરે છે. તો રોહન એકલો આખું કામ કેટલા દિવસમાં પૂરું કરશે?

(અ) 14 દિવસ (બ) **18 દિવસ** (ક) 22 દિવસ (ડ) 28 દિવસ

**(168)** એક બેંકમાં ચક્રવૃદ્ધિ વ્યાજ દર 6 માસે ગણવામાં આવે છે. એક ગ્રાહક તે બેંકમાં 1 જાન્યુઆરીના રોજ રૂા. 6,400 અને 1 જુલાઈના રોજ તેટલી જ રકમ થાપણ તરીકે મૂકે છે. જો વ્યાજનો દર 5% હોય તો વરસના અંતે તેને કુલ કેટલું વ્યાજ મળશે?

(અ) રૂા. 414 (બ) રૂા. 444 (ક) **રૂા. 484** (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(169)** જો એક સાંકેતિક ભાષામાં BEST નો કોડ 2512 હોય તો BETTER નો કોડ કયો હશે?

(અ) **252259** (બ) 252258 (ક) 253351 (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(170)** એક વર્ગખંડમાં એક વિષયમાં 10 વિદ્યાર્થીઓએ મેળવેલ ગુણ આ મુજબ છે. 39, 43, 36, 38, 77, 73, 43, 05, 25, 39.

1. આપેલી માહિતીનો બહુલક 77 છે.
2. આપેલી માહિતીને એકથી વધુ બહુલક છે.
3. આપેલી માહિતીનો મધ્યસ્થ 39 છે.

(અ) **ફક્ત 1 અને 2** (બ) ફક્ત અને ફક્ત 3 (ક) ફક્ત 2 અને ફક્ત 3 (ડ) 1, 2 અને 3

**(171)** $\frac{4}{5}$ અને $\frac{7}{12}$ નો ગુ.સા.અ. કેટલો થશે?

(અ) $\frac{1}{60}$ (બ) $\frac{7}{18}$ (ક) $\frac{5}{36}$ (ડ) ઉપરના પૈકી કોઈ નહિ

**(172)** જો $x = 2 - \sqrt{3}$ હોય તો $x + \frac{1}{x}$ ની કિંમત કેટલી થશે?

(અ) **4** (બ) $2\sqrt{3}$ (ક) $4+\sqrt{3}$ (ડ) $4-\sqrt{3}$

**(173)** ફળોને શીતાગારમાં રાખવાથી તેમની આવરદા વધુ છે કારણ કે?

(અ) ભેજ વધે છે (બ) સૂર્યપ્રકાશ હોતો નથી

(ક) $CO_2$ નું સાંદ્રણ વધે છે (ડ) **શ્વસન પ્રક્રિયાનો દર ઘટે છે**

**(174)** નીચેના પૈકી કઈ કંપની શૂલ્ક વિના ઈ-મેલ સેવાઓ વપરાશકારોને પૂરી પાડતી નથી?

(અ) Gmail (બ) Proton (ક) GMX (ડ) **ઉપરના પૈકી કોઈ નહિ**

**(175)** રાંધણ ગેસમાં વપરાશમાં લેવાતા ગેસ સિલિન્ડર અને ગેસ પાઈપલાઈન બાબતે નીચેના પૈકી કયું/ કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. ગેસ-સિલિન્ડરમાં LPG હોય છે, જ્યારે ગેસ પાઈપ લાઈનમાં PNG હોય છે.
2. LPG માં મુખ્યત્વે મિથેન હોય છે, જ્યારે PNG માં મુખ્યત્વે પ્રોપેન અને બ્યુટેન હોય છે.

(અ) **ફક્ત 1** (બ) ફક્ત 2

(ક) 1 અને 2 બંને (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(176)** સમાનવ અવકાશયાત્રા સફળતાપૂર્વક યોજનારા દેશો કયા છે? 1. અમેરિકા 2. રશિયા 3. ચીન

(અ) ફક્ત 1 (બ) ફક્ત 1 અને 2 (ક) ફક્ત 1 અને 3 (ડ) **1, 2 અને 3**

**(177)** 1 TB = .......... MB.

(અ) 1,000 (બ) 10,000 (ક) 1,00,000 (ડ) **10,00,000**

**(178)** FM રેડિયોમાં FM એટલે?

(અ) Fixed Machine (બ) **Frequency Modulation**

(ક) Frequency Modem (ડ) Frequent Monitroing

**(179)** HDTV (High Definition Television) બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. તે એનેલોગ સિગ્નલ (Analog signal) નો ઉપયોગ કરે છે.
2. તે 35 mm ફિલ્મ સમકક્ષ દ્રશ્ય ગુણવત્તા આપે છે.

(અ) ફક્ત 1 (બ) **ફક્ત 2**

(ક) 1 અને 2 બંને (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(180)** iOS બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. iOS મોબાઈલ ઓપરેટીંગ સિસ્ટમ છે જે iPhone4 iPad અને iPod touch જેવાં Apple ઉત્પાદનોમાં જ વપરાય છે.
2. iOS ગૂગલ દ્વારા વિકસાવવામાં આવ્યું છે.

(અ) **ફક્ત 1** (બ) ફક્ત 2

(ક) 1 અને 2 બંને (ડ) 1 અને 2 પૈકી કોઈ નહિ

**(181)** ગ્રહણ બાબતે નીચેના પૈકી કયું/કયાં વિધાન/વિધાનો સાચું/સાચાં છે?

1. જ્યારે સૂર્ય, ચંદ્ર અને ધરતી સીધી લીટીમાં હોય અને ચંદ્ર એ સૂર્ય અને ધરતીની વચ્ચે હોય ત્યારે સૂર્યગ્રહણ થાય છે.

2. જ્યારે સૂર્ય, ધરતી અને ચંદ્ર સીધી લીટીમાં હોય અને ધરતી એ સૂર્ય અને ચંદ્રની વચ્ચે હોય ત્યારે ચંદ્રગ્રહણ થાય છે.

(અ) ફક્ત 1 (બ) ફક્ત 2

(ક) <u>**1 અને 2 બંને**</u> (ડ) 1 અને 2 પૈકી કોઈ નહી

**(182)** થર્મલ પાવર સ્ટેશનમાં વીજળી ઉત્પન્ન કરવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે?

(અ) ચાર્જેબલ શેલ્સને ગરમ કરીને (બ) <u>**પાણીને ઉકાળીને**</u>

(ક) ઉષ્મા શકિત દ્વારા પીસ્ટનને ધક્કો મારીને (ડ) ઉપરના તમામ

